# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-06-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

--------------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# AHMEDABAD PLANE CRASH

અમદાવાદ વિમાન દુર્ઘટનાની આજે પ્રથમ વરસી છે. ગયા વર્ષે આજ દિવસે બપોરે એરઇન્ડિયાનું વિમાન ઉડાન ભર્યાની થોડી જ ક્ષણોમાં મેઘાણીનગર વિસ્તારમાં દુર્ઘટના ગ્રસ્ત થયું. આ ઘટનામાં વિમાનમાં સવાર 241 અને અન્ય 19 સહિત કુલ 260 લોકોનાં મોત થયા હતા. આજે આ ઘટનાને એક વર્ષ પૂર્ણ થતાં આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ શોકાંજલી અર્પિત કરી.

**(BYTE: PRAFUL PANSHERIYA, MINISTER OF STATE FOR HEALTH)**

# AHMEDABAD TRIBUTE

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં બી.જે. મેડિકલ કોલેજના 4 વિદ્યાર્થીઓના પણ મોત થયા હતા ત્યારે ઘટનાને એક વર્ષ પૂર્ણ થતા દિવંગતોને બી.જે.મેડિકલ કોલેજમાં શ્રદ્ધાંજલિ આપવાની સાથે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રી દર્શનાબેન વાઘેલા, મેયર હિતેશ બારોટ, સાંસદ દિનેશ મકવાણા સહિત જુનિયર તબીબો પણ હાજર રહ્યા. આ પ્રસંગે વિશેષ રકતદાન શિબિર પણ યોજાઇ હતી.

# RURAL DEVELOPMENT

ગુજરાતે છેલ્લા 12 વર્ષમાં ગ્રામ વિકાસક્ષેત્રે અનેક નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 12 વર્ષના નેતૃત્વમાં રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ 6 લાખથી વધુ પરિવારોને ઘર મળ્યાં છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેંધરી યોજના હેઠળ 45 કરોડ 57 લાખ કરતાં વધુ માનવદિન રોજગારીનું સર્જન થયું.

ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન લિમિટેડના પ્રયાસોથી 26 લાખથી વધુ ગ્રામીણ મહિલાઓ આર્થિક રીતે સશક્ત થઈ છે. 12 વર્ષના સુશાસનમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) હેઠળ 617 કરોડથી વધુના ખર્ચે એક લાખ 36 હજાર કરતાં વધુના કામો પૂર્ણ કરાયા. ઉપરાંત સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ 44 લાખથી વધુ શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

# IPS KUTCH VISIT

રાજ્યના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ગઈકાલથી સરહદી ગામોની મુલાકાતે છે. ત્યારે એ.ડી.જી.પી. અજયકુમાર ચૌધરીએ પૂર્વ કચ્છ વાગડ વિસ્તારના રાપર તાલુકાના જાટાવાડા અને શિરાની વાંઢની મુલાકાત લીધી હતી. તેમણે છેવાડાના વિસ્તારમાં રહેતા લોકો અંતિમ નહીં પણ દેશના પ્રથમ ગામના લોકો અને તેઓ સરહદના સાચા સંત્રી હોવાનું કહ્યું હતું. ડીઆઈજી સુધા પાંડેએ ભુજ તાલુકાના મોટા દિનારા ગામની મુલાકાત લઈ વિસ્તારની પરિસ્થિતિ જાણી હતી. તેમણે પોલીસ સરહદી વિસ્તારના લોકોની પડખે હોવાની ખાતરી આપી હતી.

# JAMNAGAR DEMOLITION

જામનગરના બેડી વિસ્તારમાં આજે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરાઇ છે. અંદાજે 16 કરોડ રૂપિયાની 12 હજાર ચોરસ મીટર જગ્યા પરના દબાણો દૂર કરવામાં આવી રહ્યા હોવાનું ઇન્ચાર્જ પ્રાંત અધિકારી સુધીર બારડે જણાવ્યું.

(BYTE: SUDHIR BARAD, PROVINCIAL OFFICER)

# JAIL MOU

અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે- નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઓપન સ્કૂલીંગ-NIOS સાથે મહત્વના MOU કરવામાં આવ્યા છે. તે અંતર્ગત જેલના બંદીવાનો ધોરણ-12 સુધીનો અભ્યાસ જેલની અંદર જ રહીને પૂર્ણ કરી શકશે. જે બંદીવાનોનો અભ્યાસ ભૂતકાળમાં છૂટી ગયો છે, તેઓ કોઈપણ ધોરણથી ફરી પ્રવેશ મેળવી શકશે.

ભવિષ્યમાં NIOS દ્વારા જેલના કેદીઓ માટે વિવિધ પ્રકારના વ્યાવસાયિક અને કૌશલ્યલક્ષી અભ્યાસક્રમો પણ શરૂ કરવામાં આવશે, જે જેલમુક્તિ બાદ તેમના પુનર્વસન અને રોજગારી માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે.

# WEATHER

ઉત્તર ગુજરાતનાં કેટલાક વિસ્તારમાં આજે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે બનાસકાંઠા અને સાબરકાંઠામાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. જ્યારે આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાતનાં વલસાડ, તાપી, દમણ અને દાદરાનગર હવેલી તેમજ સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદ પડવાની  સંભાવના છે.

# MEHSANA BRC UNIT

મહેસાણા જિલ્લામાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે તે માટે 51 બાયો રિસોર્સ કેન્દ્રો કાર્યરત કરાયા છે.દેશી ગાયો ન હોય તેવા ખેડૂતો માટે આ કેન્દ્રો આર્શીવાદરૂપ બન્યા છે.આ કેન્દ્રો પરથી ખેડૂતોને જીવામૃત, બીજામૃત, ઘન જીવામૃત, જેવા પ્રાકૃતિક કૃષિના મુખ્ય ઘટકો વ્યાજબી ભાવે પુરા પાડવામાં આવી રહ્યા છે. જિલ્લામાં 254 જેટલા મોડેલ ફાર્મ તૈયાર કરાયા છે. જેથી ખેડૂતો પ્રત્યક્ષ જોઈ પ્રાકૃતિક ખેતી અપનાવી શકે.